ઉચ્ચ માધ્યમિક પરીક્ષા મોડલ પ્રશ્નપત્ર -૨૦૨૨

વિષય :- ગુજરાતી સાહિત્ય

ધોરણ :- ૧૨ કુલ ગુણ :- ૮૦

સમય : 2:45 કલાક

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

**GENERAL INSTRUCTION TO THE EXAMINEES :**

(૧) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(૨) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(3) દરેક પશ્નાના જવાબ આપેલી પુસ્તીકામાં જ લખો.

(૪) જે પ્રશ્નપત્રમાં આંતરિક ખંડ છે તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(૫) પ્રત્યેક પ્રશ્નમાં માગ્યા પ્રમાણે ઉત્તર લખવાના છે.

(૬) પ્રશ્નોના ગુણભાર નિમ્નાનુસરા છે.

| ખંડ | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નોની સંખ્યાં | ગુણ દરેક પ્રશ્ન | કુલ ગુણભાર |
|---|---|---|---|---|---|
| ખંડ-અ (A) | બહુ વિકલ્પી પ્રશ્ન | ૧(૧થી૧૨) | ૧૨ | ૧ | ૧૨ |
| | પ્રશ્ન રિકત સ્થાન પૂર્તિ | ૨(૧થી૬) | ૬ | ૧ | ૬ |
| | અતિ લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન | ૩(૧થી૧૨) | ૧૨ | ૧ | ૧૨ |
| ખંડ-બ (B) | લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન (ઉત્તર શબ્દ સીમા લગભગ ૫૦ (પચાસ) શબ્દ | ૪ થી ૧૪ | ૧૧ | ૨ | ૨૨ |
| ખંડ-ક(C) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન શબ્દ સીમા લગભગ ૧૦૦ શબ્દપ્રતિ પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૧૫ થી ૧૮ | ૪ | 3 | ૧૨ |
| ખંડ-ડ (D) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન શબ્દ સીમા લગભગ 250 શબ્દપ્રતિ પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૧૯ થી ૨૧ | 3 | ૫+૫+૬ | ૧૬ |
| | | | ૪૮ | | ૮૦ |

વિભાગ : અ (A)

પ્રશ્ન : ૧ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)

(૧) " મન નો ડગે ' કવિતાના કવયિત્રી છે... ૧

(અ) રેવા બહેન (બ) ગીતા પરીખ (ક) કુન્દનિકા કાપડીયા (ડ) ગંગા સતી

(૨) દ્રવ એટલે ? ૧

(અ) ઘન (બ) દાઢ (ક) દવા (ડ) જળ.

(૩) કવિ અને ઇલા એક સમયે કયાં રમતાં હતા ? ૧

(અ) બગીચામાં (બ) નદી કીનારે (ક) ચોતરા ઉપર (ડ) દરિયા કિનારે

(૪) કેવા લોકો દુ:ખમાં પણ સુખનો અનુભવ કરે છે. ૧

(અ) આત્માજ્ઞાની (બ) અમીર (ક) ગરીબ (ડ) દુ:ખી

(૫) કંસારીને તેના કામમાં કોણ મદદ નહોતું કરતું ૧

(અ) બિલાડી (બ) કૂતરો (ક) પોપટ (ડ) કરોળીયો

(૬ મીનું કોનું નામ છે ? ૧

(અ) ગાયનું (બ) બિલાડીનું (ક) કુતરીનું (ડ) બકરીનું

(૭) જેસલમેરની રહેણીકરણી કઇ સદીના હિંદનો ખ્યાંલ આપે છે. ૧

(અ) ૧૮મી સદીનો (બ) ૨૦મી સદીનો (ક) ૧૫મી સદીનો (ડ) ૧૪મી સદીનો

(૮) 'તેજલી ' કવિતાનો કાવ્ય પ્રકાર છે.. ૧

(અ) ગઝલ (બ) ઊર્મિકાવ્ય (ક) ગીત (ડ) લોકગીત

(૯) આંગળી ઝાલીને દોરજે પાઠનો પ્રકાર છે.. ૧

(અ) ટૂંકી વાર્તા (બ) પત્ર (ક) લોક કથા (ડ) વ્યકિતચિત્ર

(૧૦) નીચેના માં સાચી જોડણી કઇ છે.. ૧

(અ) પ્રતિષ્ઠા (બ) પ્રતીષ્ઠા (ક) પ્રતિસ્ઠા (ડ) પ્રતીસ્ઠા

(૧૧) ' બપોર એક મોટુ શિકારી કૂતરું છે ' માં અલંકાર છે.. ૧

(અ) ઉપમા બ) રૂપક (ક) ઉત્પ્રેક્ષા (ડ) દ્દષ્ટાંત

(૧૨) ' તમે કાયર નથી ' વાકય નો પ્રકાર છે.. ૧

(અ) નિષેધવાકય (બ) વિધિવાકય (ક) ઉદગારવાકય (ડ) પ્રશ્નવાકય

પ્રશ્ન : ૨ નીચે આપેલ ખાલી જગ્યા પૂરો (પ્રત્યેકનો ૧ ગુણ )

(૧) ....................જોઇ ને માણસનું મન ડગી જાય છે. ૧

(૨) તેજલી ના દાદાનું નામ..........છે. ૧

(૩) 'આયનો" પાઠમાં..........નામની છોકરી યુવકને જોઇને શૂન્યમનસ્ક બની જાય છે. ૧

(૪) નાનપણ થી જ કંસારીની.........બનવાની ઇચ્છા હતી. ૧

(૫) ‘ પ્રાચીન’’ નો વિરોધી  શબ્દ.............થાય ૧

(૬) ‘રૂઢિને ચુસ્તપણે વળગી રહેનાર ‘’ શબ્દસમુહ માટે એક શબ્દ.............છે. ૧

પ્રશ્ન : 3 નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો. (ગુણ □ પ્રત્યેકનો)

(૧) ગંગાસતી કોના વચનમાં વિશ્વાસ રાખવાનું કહે છે ? ૧

(૨) દાદાજી કયાં અને કયારે વાતો કહેતા હતા ? ૧

(૩) જેસલમેરના દેરાસરમાં કયું એક મંદિર આવેલુ છે.? ૧

(૪) મીનુ માટે ‘’ આ બિલાડી છે કે વાંદરી એવો પ્રશ્ન કોણે કર્યો ? ૧

(૫) પૈસો જોઇને માણસનું મન શા માટે ડગી જાય છે ? ૧

(૬) માનવીને આખુ જગત મળી ગયાની લાગણી કયારે થાય ? ૧

(૭) કંસારીના ત્રણ મિત્રો કયાં હતા ? ૧

(૮) રેવતી એ બાળકને ચીંથરામાં શા માટે વીંટાવ્યું ? ૧

(૯) ‘ એણે નિર્ણય લઇ લીધો‘ કર્તરિ વાકયને કર્મણિવાકયમાં ફેરવો. ૧

(૧૦) ‘ બાપુજી જમ્યા નહી ‘ નિષેદ વાકયને વિધિ વાકયમાં ફેરવો ૧

(૧૧) ઉપમાં અલંકારનું એક ઉદાહરણ જણાવો. ૧

(૧૨) વિશેષણની પરિભાષા લખો. ૧

## વિભાગ –બ (B)

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાકયમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ર ગુણ)

પ્રશ્ન : ૪. ‘’ મન નો ડગે’’ કાવ્યના આધારે સાચા હરિજનના લક્ષણો વર્ણવો . ૨

પ્રશ્ન : ૫. દ્રવ ને કરણે શું લાભ થાય ? ૨

પ્રશ્ન : ૬. કલ્યાણની માતા દીકરો ગુમાવવા છતાંય હર્ષઘેલી શા માટે બને છે ? ૨

પ્રશ્ન : ૭. માનવીને આખુ જગત મળી ગયાની લાગણી કયારે થાય છે ? ૨

પ્રશ્ન : ૮. તેજલી ના દાદા ચોરે બેસીનેજાહેરમાં શા માટે રડે છે ? ૨

પ્રશ્ન : ૯. સાજા નરવા નવ જવાને જનરલને શી વિનંતી કરી ? ૨

પ્રશ્ન : ૧૦. પત્ર લેખકના મતે આ જગતના લોકો કેવા કેવા છે ? ૨

પ્રશ્ન : ૧૧. રાજાએ દીકરીની માફી શા માટે માગી હતી ? ૨

પ્રશ્ન : ૧૨. શિખરિણી છંદનું બંધારણ લખી ઉદાહરણ આપો ૨

પ્રશ્ન : ૧૩. ‘’ કંસારી’’ શકિતશાળી રાજાની દીકરી હતી. વાકયનું વિશ્લેષણ કરો. ૨

પ્રશ્ન : ૧૪. નીચેના વાકયોનો માતૃભાષામાં અનુવાદ કરો. ૨

(૧) હું શાળામાં જાઉં છુ.

(૨) આજે રવિવાર છે.

વિભાગ – ક (C)

નીચે આપેલા પ્રશ્નોના ત્રણથી ચાર વાકયોમાં જવાબ આપો. પ્રત્યેકનો) ૩ ગુણ(

પશ્ન : ૧૫ નીચેની કાવ્ય પંકિતઓનો ભાવાર્થ સમજાવો ૩

લૈ લૈ દે તે ખોબે ખોબે ભરી રતનની ખાણુ

(અથવા)

દ્રવે કરચે ને દ્રવે દાતાર, દ્રવે ઉગાર ને દ્રવે માર.

પ્રશ્ન : ૧૬ નીચેના ગઘાંશની સપ્રસંગ વ્યાંખ્યા કરો ૩

'' ઇન્દ્ર એ પૂછયું , રાજાએ દીકરીની માફી માંગી અને તેને મહેલમાં પાછા ફરવા વિનંતી કરી , કંસારી એ પિતાને માફી આપીપણ મહેલમાં પાછી ન ગઇ તે તેના મિત્રોની સાથે ઝુપડીમાં જ આનંદપૂર્વક રહી પછી થી તે ખેડુત રાજ કુવરી તરીકે જાણીતી થઇ.

(અથવા )

રેવતી ના હાથમાં એક નાનું બાળક ચીંથરામાં વીંટાયેલુ તાવથી લાલલાલ થઇ ગયેલું , જાણ્યુ કે સવારથી તાવ આવ્યો છે પણ મજુરીએથી પાછાં આવે ત્યારે જ દવાખાને તો આવી શકે ને

પ્રશ્ન : ૧૭ નીચે આપેલ કાવ્ય પંકિતનો વિચાર વિસ્તાર કરો . ૩

'' સ્વદેશે પૂજયતે રાજા , વિદ્રાન સર્વત્ર પૂજયતે ,

(અથવા )

જાવવા નહિ તો મરવા કોઇ ભવ્ય પ્રસંગ તુ દે ,

પ્રશ્ન : ૧૮ નીચેનો પઠિત ગઘાંશ વાંચી પ્રશ્નોના ઉત્તર લખો. પ્રત્યેકનો)૧ ગુણ(

હે જગત , મારા પુત્રને આંગળી જાલીને દોરજે, આજે એ ણે શાળાએ જવાનો આરંભ કર્યો છે. અત્યાર સુધી એ પોતાનો રાજા હતો. આજુબાજુના આંગણાનો સરદાર હતો ,વળી એની ઇચ્છાઓ સંતોષવા હું હાથવગો હતો.,

પણ .... હવે બહુ બદલાઇ જશે આજે સવારે એ ઘરના પગથિયા ઊતરશે ,હાથ હલાવશે અને મહાન સાહસનો આરંભ કરશે.

પ્રશ્ન : ૧ . લેખક કોને ઉદેશીને પત્ર લખે છે ? ૧

૨. લેખક કોને આંગણી જાલીને દોરવાનું કહે છે ? ૧

૩. લેખકનો પુત્ર મહાન સાહસનો આરંભ કઇ રીતે કરશે ? ૧

## વિભાગ- ડ ( D)

પ્રશ્ન : ૧૯ નીચે આપેલા અપઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. પ્રત્યેકનો) ૧ ગુણ(

જે પ્રેમ વ્યકિતમાં પડેલો છે , તેનું સંવર્ધન થવાનું પ્રાથમિક ક્ષેત્ર કુંટુંબ છે. વ્યકિતમાં આ પ્રેમ કેવળ દંપતી પૂરતો કે સંતાનો પૂરતો સીમીત રહે તેવો અલ્પ નથી વ્યકિત ના જીવનના દરેક પાસામાંતે પ્રગટવો જોઇએ .પરંતુ વિકસે તેવી આબોહવા નાનપણમાં કે દામ્પત્ય જીવનમાં પ્રાપ્ત થતી નથી એટલે ઠીંગરાઇ જાય છે જીવનમાં બધુ હોય પણ જો પ્રેમ ન હોય તો એ જીવન અલુલુ બની જાય છે પ્રેમ એ જીવનમાં એકડો છે અને તે પછી બીજા પાસા તેની સમૃધ્ધિમાં વધારો કરનારા મીંડા છે એ એકડો ન હોય તો બાકીના મીંડા બહારની સમૃધ્ધિ રૂપી શોભા વધારનારા હોય તો પણ સુવાસ નહોવાથી સુખ શાંતિ નથી.

પ્રશ્નો :

(૧) કુટુંબ શેનું પ્રથમિક ક્ષેત્ર છે ? ૧

(૨) પ્રેમ કયાં પ્રગટવો જોઇએ ? ૧

(૩) પ્રેમ શા માટે ઠીંગરાઇજાય છે ? ૧

(૪) જીવનમાં એકડા વિનાના મીંડાનું શુ મૂલ્ય છે ? ૧

(૫) ગધખંડને યોગ્ય શીર્ષક આપો . ૧

પ્રશ્ન : ૨૦. નીચે આપેલ મુધ્દાઓને આધારે વાર્તા લખો ૫

રાજાનું ગુપ્ત વેશે નગરમાં ફરવા જવું ---- સિપાહીને માર્ગ પૂછવો---- સિપાહીનો સભ્ય જવાબ ---- સાથે આવવાનો આગ્રહ ---- લાલચ આપવી ---- લાલચને વશ ન થવું----- બીજે દિવસે સિપાહીને દરબારમાં તેડું – વફાદારીનો બદલો.

(અથવા )

એક ગામડાના માણસનું શહેરમાં જવું --- મીઠાઇની દુકાને ઉભા રહેવું --- લુચ્ચો દુકાનદાર --- મીઠાઇની સુગંધ લીધી તેની કિંમત ચૂકવો ---- ગામડિયાની મુજવણ ----- ડાહયા માણસની સલાહ --- ખિસ્સામાંનું પરચૂરણ ખખડાવવુ , પૈસા વસુલ કરી લો ‘’ --- દુકાનદારનું ભોંઠા પડવું ---- સાર .

પ્રશ્ન : ૨૧ નીચેના આપેલા વિષય માંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. ૬

(૧) મા તે મા

(૨) જીવનમાં શિસ્તનું મહત્વ

(૩) પુસ્તકોની મૈત્રી

(૪) વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો.

(૫) આધુનિક સાધનના લાભા લાભ.

..............................................................સમાપ્ત..........................................................................